# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બેલગામ બનતો ડેન્ગ્યુ રોગચાળો : એકનું મોત

## અરવલ્લીમાં ૩૫ થી વધુ શંકાસ્પદ કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ થંભી ગયા પછી ડેન્ગ્યુનો રોગચાળો બેલગામ બની ગયો છે. માલપુરમાં ડેન્ગ્યુથી બાળકીનું મોત નિપજ્યું છે પરંતુ આરોગ્ય વિભાગ ડેન્ગ્યુથી મોતનો સ્વીકાર કરતાં ખચકાઈ રહ્યું છે. અરવલ્લીમાં ૩૫ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ હોવાનું જાણવા મળ્યું છે.

ચોમાસુ શરૂ થયું ત્યારથી મચ્છરોના ઉપદ્રવને ડામવા પ્રજા શાસકો પાસે માંગ કરતી હતી પરંતુ આભલામાં ઉડતા સત્તાધિશોને માત્ર વાહ..વાહીમાં રસ હતો. જિલ્લાના તમામ ૧૪ તાલુકાઓમાં મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા કોઈ નોંધપાત્ર કામગીરી થઈ નથી જેનાં ગંભીર પરિણામો ઑગષ્ટના ત્રીજા સપ્તાહમાં સામે આવ્યા છે. બાયડ થી પોશીના સુધીના વિસ્તારમાં વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં હજારો લોકો આવતાં ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે. એડિસ મચ્છરોનો ઉપદ્રવ એટલી હદે વધ્યો છે કે હવે કોરોના કરતાં પણ વિકરાળ સ્થિતિનું સર્જન થઈ શકે છે. જિલ્લાના બાયડ, મેઘરજ, મોડાસા અને માલપુરમાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસમાં ઉછાળો આવ્યો છે. પાલિકા અને પંચાયતો દ્વારા દર ૨ દિવસે સ્વચ્છતા અભિયાન અને દવા છંટકાવ હાથ ધરવામાં નહીં આવે તો ડેન્ગ્યુની વિસ્ફોટક સ્થિતિ આવી શકે છે તેવું ખાનગી તબીબો જણાવી રહ્યા છે.

**ડેન્ગ્યુના લક્ષણો...**

: ઉબકા-ઊલટી થવી
: સખત તાવ આવવો
: માથા અને કમરના ભાગમાં દુઃખાવો
: થોડું ચાલવાથી થાક લાગે
: કબજીયાત-નબળાઈ
: છાતી અને હાથ ઉપર ઓરી જેવા ચામઠા દેખાય.

**કઈ તકેદારી રાખવી...**

: પાણીના ટાંકા ચૂસ્ત રીતે ઢાંકેલા રાખવા.
: પક્ષીઓ માટેના કુંડામાં પાણી ભરવાનું બંધ કરો.
: ઘરમાં પૂરતો હવા-ઉજાસ રાખો.
: ફ્રીજ સાફ રાખો.
: ટાયર અને જરૂરી ન હોય તેવા સામાનનો નિકાલ કરી દેવો.

# ગુરૂજનો આગ બબૂલા : સાબરકાંઠા, અરવલ્લીના શિક્ષકોની સર્વેક્ષણના બહિષ્કારની ચીમકી

## શિક્ષક સજ્જતા સર્વેક્ષણ રદ કરવાની માંગ ઉપર અડગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ધો.૧ થી ૮માં ફરજ બજાવતા સરકારી પ્રા.શાળાના શિક્ષકો માટે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ પરીક્ષાનું આયોજન સામે આવ્યું ત્યારથી પ્રા.શિક્ષકોમાં રોષ ચરમસીમાએ છે. સાબરકાંઠા, અરવલ્લીના ૧૨,૦૦૦થી વધુ પ્રા.શિક્ષકોએ રોષ સાથે શિક્ષકોની સર્વેક્ષણ પરીક્ષાના બહિષ્કારની ચીમકી આપી છે. શિક્ષક સજ્જતા સર્વેક્ષણ રદ કરવાની માંગ ઉપર પ્રા.શિક્ષકો અને સ્થાનિક શિક્ષક આગેવાનો અડગ હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે... જ્યારે સરકાર ઉપર કોઈ સંકટ આવ્યું ત્યારે પ્રા.શિક્ષકો તેમના સંકટમોચન બનીને કામગીરીમાં યોદ્ધાની જેમ આગળ રહ્યા છે પરંતુ તેમનું વારંવાર અપમાન પણ થઈ રહ્યું છે. શિક્ષકોની સર્વેક્ષણ કસોટીનું જેમને આયોજન કર્યું છે તેઓ પણ પ્રા.શિક્ષકો પાસે ભણીને ઉચ્ચ અધિકારીઓ બન્યા છે. શિક્ષકોમાં આવડગત ન હોત તો તેઓ ઉચ્ચ મુકામે પહોંચ્યા ન હોત. ત્યારે એકાએક રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગના નિર્દેષ અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક સજ્જતા સર્વેક્ષણના નેજા હેઠળ શિક્ષકો માટેની પરીક્ષાનું આયોજન કરાયું એ સાથે જ જિલ્લાના તમામ તાલુકા અને રાજ્યના તમામ ૩૩ જિલ્લાના પ્રા.શિક્ષકોમાં રોષ જોવા મળ્યો છે. અનેક પ્રા.શિક્ષકોએ સોશ્યલ મીડીયા ઉપર નેતાઓની અને અધિકારીઓની પરીક્ષા લો..તેવો આક્રોશ વ્યક્ત કર્યો છે. શિક્ષકોના પડતર પ્રશ્નો માટે લડતા રાજ્ય સંઘ, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને પ્રાથમિક શિક્ષક મહાસંઘ પણ જાહેરમાં તો શિક્ષકોના સર્વેક્ષણનો બહિષ્કારની શિક્ષકોની વાતને સમર્થન આપી રહ્યા છે. પરંતુ જે રીતે પ્રા.શિક્ષકોએ શિક્ષક સજ્જતા સર્વેક્ષણ મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે તે જોતાં શિક્ષક આગેવાનોની સામાન્ય ચૂંક તેમને ભારે પડી શકે છે. શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેમાં ૯૮ ટકા પ્રા.શિક્ષકોએ કસોટીના આયોજન સામે રોષ ઠાલવી શિક્ષકોની નિષ્ઠા ઉપર પ્રશ્નો ઉભા કર્યાનો આક્રોશ સોશ્યલ મીડીયા દ્વારા શિક્ષકોના ગૃપમાં જોવા મળ્યો છે. શિક્ષક સંઘોએ પણ શિક્ષણ વિભાગને આડકતરી રીતે ચીમકી આપી તા.૨૨ ઑગષ્ટ સુધીમાં શિક્ષક સજ્જતા સર્વેક્ષણ રદ કરવામાં નહીં આવે તો ૨૪ ઑગષ્ટથી શિક્ષક સજ્જતા પરીક્ષાના બહિષ્કારની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આ પરીક્ષામાં ધો.૧ થી ૫ ના શિક્ષકો, ધો.૬ થી ૮ ના ભાષા તેમજ ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાનના શિક્ષકો માટે ૩ તબક્કામાં સજ્જતા સર્વેક્ષણ હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડે શિક્ષકોની પરીક્ષા લેવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે અને હવે ૨૪ ઑગષ્ટે પ્રા.શિક્ષકોની એક્તાનો વિજય થાય છે કે પછી વિભાગનો..?? તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે.

# અરવલ્લીમાં જીલ્લા કક્ષાનું '૭૫મું સ્વાતંત્ર્ય પર્વ' મોડાસા ખાતે યોજાશે

## જીલ્લા સેવાસદનના સભાખંડ ખાતે ૧૫મી ઓગસ્ટની ઉજવણીના સંદર્ભે કલેકટરની અધ્યક્ષતામાં બેઠક

બાયડ તા.૧૧

સમગ્ર ભારતમાં ૧૫મી ઓગસ્ટના દિવસે ૭૫માં સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી કરાશે. જેની આગોતરી તૈયારીને લઈને દેશમાં સમગ્ર જગ્યાએ આ દિનની ઉજવણીને લઈને હર કોઈ ઉત્સુક છે. જેમાં ગુજરાતમાં પણ આ દિનની તૈયારીઓ શરુ થઇ ગયી છે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં પણ આ દિનની આગોતરી તૈયારીઓને લઈને તૈયારીઓ કરવા અંગે જીલ્લાના સેવાસદનના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટીયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ. આ બેઠકમાં કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, જે તે વિભાગના અધિકારીઓને જે કામગીરી સોંપવામાં આવી છે. તેને ચીવટ પૂર્વક નિભાવવાની રહેશે. ૧૫મી ઓગસ્ટના દિવસે સ્થળ પર દરેક વિભાગના અધિકારીઓએ ઉપસ્થિત રહેવું. જીલ્લાના મુખ્ય મથકે સ્થળની પસંદગી કરી સ્થળની સફાઈ, કામગીરી, ગામોની સાફ સફાઈની કામગીરી સુશોભન તેમજ ધ્વજ વંદન અને સ્ટેજ, પરેડ, વગેરે માટે મેદાનને તૈયાર કરવું, કાર્યક્રમમાં ગરીમા પૂર્વક ઉજવાય તેવી કામગીરી કરવી, ધ્વજવંદનના સ્થળે માઈક, લાઈટ તથા ઈલેક્ટ્રિક સપ્લાય અવિરત મળે તે માટેની જરૂરી કામગીરી, પ્રોટોકોલ મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવી, મહેમાનો, સ્વાતંત્ર્ય સેનાનીઓને તેમની જગ્યાએ બેસાડવાની,સ્વાગત કરવાની, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે, ધ્વજવંદનના સ્થળે ધ્વજદંડ, સ્ટેજ, તેમજ ધ્વજની આચારસંહિતા જાળવવાની કામગીરી, સ્ટેજ સુશોભનની કામગીરી, વૃક્ષારોપણ વ્યવસ્થા કરવી, ટ્રાફિક તથા વાહન પાર્કિંગની વ્યવસ્થાની કામગીરી કરવી તથા સમગ્ર ઉજવણી સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવા અનુરોધ કર્યો. આ ઉપરાંત સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ ૧૪ ઓગસ્ટના રોજ તાલુકા/ગ્રામ્ય કક્ષાએ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી રાષ્ટ્ર ભાવના ઉજાગર થાય એવી કામગીરી કરવા સુચન કર્યું હતું.



આ બેઠકમાં જીલ્લા નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી બી.ડી.ડાવેરા, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ,નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, વન સંરક્ષણ અધિકારીશ્રી, મામલતદારશ્રી ગઢવી, ICDS અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી તથા જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા પોલીસે કારમાંથી ૨.૮ લાખના વિદેશી દારૂ સાથે ૨ ને દબોચ્યા

ભિલોડા,તા.૧૧

ગાંધીજીના ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કડક કાયદો અમલમાં હોય ત્યારે સરકાર ધ્વારા મોટી-મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે પરંતુ પોલીસના હાથે લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ અવાર-નવાર ઝડપાતો હોય છે. બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી દરમ્યાન અવનવા કિમીયા અપનાવી પ્રતિબંધીત વિસ્તારમાં વિદેશી દારૂના શોખીનો સુધી પહોંચાડી રહ્યા છે. સ્કોડા કાર નંબર. જી.જે.૦૬.જે.એમ.૯૧૧૩માં પાસ પરમીટ વગરનો વિદેશી દારૂની હેરાફેરી કરતા અમદાવાદના ઘાટલોડીયાનો યુવાન બુટલેગર કૃણાલ ઉર્ફે કુનલ રમેશભાઈ રાજપુત,રૂપલ રાજેન ઉર્ફે રાજેન્દ્રભાઈ શાહ, નિર્ણયનગર, રાણીપ, અમદાવાદના રહેવાસીને ભિલોડાના ખાડીયા ચોકી ત્રણ રસ્તા પાસેથી પોલીસે દબોચ્યા હતા. કારની ડીકીમાંથી ૨.૮ લાખનો વિદેશી દારૂ, બે બુટલેગરો, કાર સહિત મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો હતો.બુટલેગરે પોલીસની આંખમાં ધુળ નાખવા માટે અને ચકમો આપવા માટે મહિલાનો સહારો લીધો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ચબરાક પોલીસે કારમાંથી વિદેશી દારૂ સહિત બુટલેગરોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ સ્ટેશન પી.આઈ. એમ.જી. વસાવા,મોડાસા થી ભિલોડા તરફ પરત ફરી રહ્યા હોય તે અરસામાં ભેટાલી ગામના ઘાંટા પાસેથી પુરપાટ ઝડપે શંકાસ્પદ જણાતી સ્કોડા કાર પસાર થઈ ત્યારે પોલીસે નાકાબંધી કરતાં કાર ચાલક બુટલેગર પોલીસના સંકજામાં ફસાયો હતો.કારમાં મહિલા આગળ બેઠેલી જોઈ પોલીસ પણ ચોકી ઉઠી હતી.પોલીસે કારની તપાસ હાથ ધરતા વિદેશી દારૂની બોટલ નંગ-૩૩૬,કિં.રૂા.૨,૦૮,૫૬૦/- જથ્થો જપ્ત કર્યો હતો. કાર ચાલક પુરૂષ અને મહિલા બુટલેગરને ઝડપી પોલીસે કુલ રૂા.૪,૨૨,૫૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરીને બંન્ને બુટલેગરો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.બુટલેગર પુરૂષ અને મહિલાને પોલીસે જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

# લાયન્સ કલબ-બાયડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

## ૨૦૦૦ વૃક્ષના ઉછેર માટે અભિયાન શરૂ કરાયું




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

લાયન્સ કલબ-બાયડ દ્વારા તક્ષશિલા વિદ્યાલય-બાયડના કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ ડીસ્ટ્રીક્ટ જોઈન્ટ ટ્રેઝરર અતુલભાઈ જોષી, ડીસ્ટ્રીક્ટ ચેરમેન શૈલેષભાઈ શાહ, કમલેશભાઈ પટેલ, શાળા સંચાલક અતુલભાઈ પટેલ, લાયન્સ કલબ-બાયડ પ્રમુખ નરેશચંદ્ર એલ. પરમાર વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

૩ દાયકાથી પણ વધુ સમયથી સેવાકીય કાર્યો કરનાર લાયન્સ કલબ-બાયડના વર્તમાન પ્રમુખ નરેશચંદ્ર એલ. પરમાર, સેક્રેટરી દેવચંદભાઈ પરમાર અને તેમની ટીમે ચોમાસા દરમ્યાન બાયડ પંથકમાં ૨૦૦૦ વૃક્ષના ઉછેર માટે સંકલ્પ લીધો છે. કોરોનાના કપરા કાળમાં ઓક્સિજન માટે દર્દીઓ કણસતા હતા અને પોતે પણ કોરોના ચેપગ્રસ્ત થયા પછી ઓક્સિજનનું મહત્વ શું છે તે સારી રીતે જાણી ચૂક્યા છે. છેલ્લા એક પખવાડીયાથી લાયન્સ કલબ-બાયડ દ્વારા શૈક્ષણિક સંકુલો, સોસાયટી વિસ્તાર, સરકારી કચેરીઓ અને ખુલ્લા મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ શરૂ થતાં લાયન્સ કલબના હરિયાળા અભિયાનને સમર્થન મળી રહ્યું છે. તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વૃક્ષારોપણ સમયે લાયન્સ કલબ-બાયડના પૂર્વ સેક્રેટરી વિનુભાઈ દરજી, અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠન મંત્રી તપન અતુલભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષ ઉછેર માટે સંકલ્પ લીધો હતો.

# હિંડોળા મહોત્સવ, અક્ષરપુરુષોત્તામ સ્વામિનારાયણ મંદિર : સાઠંબામાં હિંડોળા

બાયડ તા.૧૧

અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિના અધિસ્થાતા સંતભગવંત સાહેબજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદ થી અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરી, આણંદ ખાતે નુતન શિખરબદ્ધ મંદિરના નિર્માણ થયું એની તેમાં જાન્યુઆરી ૨૦૨૦માં ભવ્યાતિભવ્ય રીતે શ્રી મુક્તઅક્ષરપુરષોત્તમ મહારાજ ની આરસની મૂર્તિ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજીમહારાજ ની સુવર્ણમંડિત મૂર્તિ તથા પ્રભુના પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી અને હવે આવી રહેલ જાન્યુઆરી ૨૦૨૨ માં તેની કળશ વિધિ થશે. તે નિમિત્તે અનુપમ મિશન પ્રેરતી શ્રી અક્ષરપુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર-સાઠંબા ખાતે ભક્તિ અદા કરવા માટે આ વખતે ...હિંડોળા મહોત્સવમાં મંદિર કળશ



હિંડોર બનાવી ને તેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ને બિરાજમાન કરાયા છે. અને ભક્તિ અર્પણ કરવામાં આવી છે.



**ધનસુરા વિશ્વકર્મા મંદિરના બ્રહ્મલીન મહંતના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન**

ધનસુરા વિશ્વકર્મા મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે બ્રહ્મલીન મહંત ઈશ્વરદાસજી મહારાજના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ધનસુરામાંથી મોટી સંખ્યામાં લોકો ભાગવત કથામાં આવી રહ્યા છે.

# ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર મેઈન બજાર વિસ્તારમાં બંધ સ્ટ્રીટ લાઈટો સત્વરે શરૂ કરવા માંગણી

ભિલોડા,તા.૧૧

ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા સંચાલિત ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં તેમજ ગામતળમાં ઠેર-ઠેર અમુક સ્ટ્રીટ લાઈટો ચોમાસાની સિઝન દરમ્યાન બંધ અવસ્થામાં હોય સત્વરે શરૂ કરવા જાગૃત પ્રજાજનોની પ્રબળ માંગણી ઉદ્દભવી છે.



ભિલોડા - ઈડર ધોરીમાર્ગ પર નીર સાગર પ્લાઝા વિસ્તાર થી પોલીસ સ્ટેશન સુધી સ્ટ્રીટ લાઈટો છેલ્લા ઘણા સમયથી બંધ રહેતા રાહદારીઓમાં ભારે રોષ ભભુકી રહ્યો છે.વહેલી સવારે અને રાત્રે અંધારા દરમ્યાન પસાર થતા રાહદારીઓ, ખાણી-પીણી,શાકભાજી,ફ્રુટ સહિત રાત્રી દરમ્યાન લારીઓ પર ધંધો કરતા નાના - નાના વેપારીઓ,પ્રજાજનો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે.વહેલી સવારે અને રાત્રે વોકીંગ કરવા નીકળેલા પ્રજાજનો પણ અમુક સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીનો વહીવટ એકદંરે કથળેલો હોય ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે રાત્રે અંધારા દરમ્યાન ચોરીઓનો ઉપદ્રવ વધશે તો જવાબદાર કોણ તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર મેઈન બજાર વિસ્તારમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે લગાવેલી સ્ટ્રીટ લાઈટો ક્યારેક બંધ તો ક્યારેક શરૂ રહેતી હોય ત્યારે ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં સત્તાધીશો,જવાબદાર અધિકારીઓને વારંવાર લેખિત,મૌખિક રજુઆતો કરવા છતાં કોઈ જ નિરાકરણ આવતું નથી તેમ જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું.વહેલી સવારે અને રાત્રે રાહદારીઓ ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે.ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં રાત્રી દરમ્યાન સ્ટ્રીટ લાઈટો શરૂ રહે તેવી જાગૃત પ્રજાજનોની લાગણી અને માંગણી છે.સ્ટ્રીટ લાઈટોનો વિકટ પ્રશ્ન સત્વરે હલ નહીં થાય તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી પ્રજાજનોએ ઉચ્ચારી હતી.

**સ્વ.શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ**

# અરવલ્લીમાં જીલ્લા કક્ષાની સ્પર્ધામાં ૧૮ ઓગસ્ટ સુધી સ્પર્ધાની વીડીયો કલીપ મોકલવાની રહેશે

## રાજ્ય કક્ષાની સ્પર્ધા ૨૩ ઓગસ્ટના રોજ યોજાશે : ૧૫ થી ૩૫ વર્ષ સુધીના, ૩૫ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઇ શકશે

બાયડ તા.૧૧

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચાયેલ લોકઢાળ તથા મેઘાણી સંપાદિત લોકગીત તેમજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ધ્વારા સંયુક્ત રીતે કરેલ છે. જેમાં જુદાં જુદાં બે વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે, જેમાં ૧૫ વર્ષથી ૩૫ વર્ષ સુધીના, ૩૫ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે.

ઉક્ત સ્પર્ધાની વીડીયો કલીપ તૈયારી કરી તા.૧૮ઓગસ્ટ ૨૦૨૧ના બપોરે ૧૨:૦૦ કલાક સુધી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે મોકલી આપવાની રહેશે. લોકગીતમાં સહાયકની સંખ્યા ૦૫ રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ,૧૦૦૦/-, દ્રિતિય વિજેતાને રૂ,૭૫૦/-, તેમજ તૃતિય વિજેતાને રૂ,૫૦૦/- ઈનામ આપવામાં આવશે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ,૨૫,૦૦૦/-, દ્રિતિય વિજેતાને રૂ,૧૫,૦૦૦/-, તેમજ તૃતિય વિજેતાને રૂ,૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો આપવામાં આવશે. એમ જિલ્લા રમતગમત અખબારી યાદીમાં જણાવાયુ છે.

## જન્મદિને વધામણી



હિમાંશુ ધવલકુમાર ભાટીયા (સાંઈ ડુપ્લેક્ષ) બાયડ, જિ.અરવલ્લી



દિવ્યરાજસિંહ દિલીપસિંહ પરમાર કલાજીનામુવાડા, તા.બાયડ



હાર્વિ અલ્પેશકુમાર કા.પટેલ રડોદરા, તા.બાયડ



નિલય મનુભાઈ દાણી ધનસુરા, જિ.અરવલ્લી



કેયૂર ધીરજભાઈ પટેલ (પ્રોફેસર) (સ્વામિનારાયણ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



આલોક હાર્દિકકુમાર પટેલ ઉમિયા પરિવાર સોસાયટી,ઇડર.